ચાણક્ય ગ્રુપનું કડક અભિગમવાળું દૈનિક

# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૨ અંક ૧૨૬ તારીખ ૨૯-૦૧-૨૦૧૬ પાનાં : ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : શ્રી રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા




# સ્થિર થવા મથતુ બજાર

## ટીસીએસ : રૂ. ૨૨૭૪માં જાળવો

દેશની આ સૌથી મોટી આઈટી કંપનીએ ઈન્વેસ્ટરો અને એનાલિસ્ટોની અપેક્ષા મુજબ ડિસેમ્બર ક્વાર્ટરમાં થોડાં નબળા પરિણામો જ રજૂ કર્યા છે, અને મુખ્યત્વે ચેન્નાઈમાં આવેલા પૂરને કારણે કંપનીના ચેન્નાઈ ખાતેના સેન્ટરને ગંભીર અસર પડી છે, અને તેને કારણે પણ કંપનીની ટોપલાઈન અને બોટમલાઈન ઘટી છે.




આ સતત છઠ્ઠું ક્વાર્ટર છે કે જેમાં ટાટા ગ્રૂપની આ ટોચની કંપનીએ શેરબજારના એનાલિસ્ટોની અપેક્ષા કરતાં નબળા પરિણામો દર્શાવ્યા હોય. તેમ છતાં અગાઉના ક્વાર્ટરની સરખામણીમાં જોઈએ તો આવકો અને નફાશક્તિમાં થોડો સુધારો ચોક્કસ ચાલુ રહ્યો છે.

ડિસેમ્બર ક્વાર્ટરમાં કંપનીની આવકો અગાઉના વર્ષની સરખામણીમાં ૧૧.૭૦ ટકા વધી રૂ. ૨૭૩૬૪ કરોડ થઈ છે. પરંતુ પ્રથમ ક્વાર્ટર દરમિયાન કંપનીની આવકો ૧૬ ટકા વધીને રૂ. ૨૫૬૬૮ કરોડ થઈ હતી, અને બીજા ક્વાર્ટરમાં આવકો ૧૪ ટકા વધી રૂ. ૨૭૧૬૬ કરોડ થઈ ગઈ હતી. અગાઉના બે ક્વાર્ટર દરમિયાન આગલા ક્વાર્ટરની સરખામણીમાં ૬ ટકાનો અને ૫.૮ ટકાનો ઉમેરો થયો હતો, જ્યારે ડિસેમ્બર ક્વાર્ટરમાં સપ્ટેમ્બર ક્વાર્ટરની સરખામણીમાં આવકો કેવળ ૦.૭ ટકા જ વધી છે.

પરંતુ સામે પક્ષે ઓપરેટીંગ નફાનો માર્જીન સતત મજબૂત જળવાઈ રહ્યો છે, અને પ્રથમ ક્વાર્ટર દરમિયાન અનુક્રમે ૨૬.૩૦ ટકા, ૨૭.૧૦ ટકા અને ૨૬.૬૦ ટકા નફાનો માર્જિન હાંસલ થયો છે. પ્રથમ ૩ ક્વાર્ટર દરમિયાન કંપનીએ રૂ. ૫૭૦૯ કરોડ, રૂ. ૬૦૫૫ કરોડ અને રૂ. ૬૧૧૦ કરોડનો નેટ નફો મેળવ્યો છે. ડિસેમ્બર ક્વાર્ટર દરમિયાન અગાઉના વર્ષની સરખામણીમાં નેટ નફામાં ૧૨.૨૦ ટકાનો ઉમેરો થયો છે, પરંતુ જો કરન્સીમાં કોઈ ફેરફાર નથી તે દ્રષ્ટિએ જોઈએ તો નફામાં વૃદ્ધિ ખૂબ મર્યાદિત છે, અને કેવળ ૦.૫ ટકાનો વધારો જ થયો છે.

ટીસીએસની સરખામણીમાં તેની મુખ્ય હરીફ કંપની કોગનીજન્ટ ટેકનોલોજીની ટોપલાઈનમાં વધારે સુંદર વૃદ્ધિ જોવાઈ છે.

ડિજિટલ સર્વિસ બિઝનેસમાં ઉછાળો છે, જ્યારે આઉટસોર્સિંગ બિઝનેસમાં હવે ઘટાડાનો ટ્રેન્ડ જોવાય છે. મુખ્યત્વે લેટિન અમેરિકા, જાપાનના બિઝનેસમાં વૃદ્ધિ દર ઓછો હાંસલ થયો છે. તેમ છતાં મેનેજમેન્ટના મંતવ્ય મુજબ કંપનીના મુખ્ય માર્કેટમાં હવે બિઝનેસ બોટમઆઉટ થઈને અપવર્ડ ટ્રેન્ડ દર્શાવે તે સંભાવના મજબૂત છે.

ટીસીએસમાં પ્રમોટરોએ તો ૭૩.૮૬ ટકા હોલ્ડિંગ જાળવી રાખ્યું છે, પરંતુ એફઆઈઆઈ આ શેરથી નાખુશ હોય તે રીતે છેલ્લાં ૬ મહિના દરમિયાન એફઆઈઆઈનું હોલ્ડિંગ ૧૬.૯૫ ટકાથી ઘટીને ૧૨.૭૦ ટકા થઈ ગયું છે, જ્યારે સ્થાનિક સંસ્થાઓનું હોલ્ડિંગ ૪.૬૯ ટકાથી વધીને ૮.૯૩ ટકા થયું છે, અને રિટેલ ઈન્વેસ્ટર પાસે ૪.૫૨ ટકા શેરો છે. ગયા વર્ષે કંપનીએ ૧૨ મહિનામાં રૂ. ૯૮.૩૧ની શેરદીઠ કમાણી હાંસલ કરી હતી, પરંતુ ચાલુ વર્ષનો ટ્રેન્ડ ધ્યાનમાં રાખીએ તો રૂ. ૧૨૦ની શેરદીઠ કમાણી મળવાની ગણતરી છે. રૂ. ૨૪૦૦નું લક્ષ્યાંક.

## ફેડરલ બેન્ક રૂ. ૪૮માં ઘટાડાની જગ્યા

દક્ષિણ ભારતની આ ટોચની પ્રાઈવેટ સેક્ટર બેન્કે ડિસેમ્બર ક્વાર્ટરમાં નિરાશાજનક પરિણામો દર્શાવ્યા છે, અને બેન્કનો નેટ નફો ૩૮ ટકા ઘટી રૂ. ૧૬૨.૭૦ કરોડ થઈ ગયો છે. મુખ્યત્વે એસેટ ક્વોલિટી ખરાબ થઈ હોવાને કારણે કંપનીની નફાશક્તિને અસર પડી છે.

બેન્કની વ્યાજ આવકોમાં ઉછાળાનો ટ્રેન્ડ જોવાયો. પરંતુ સામે પક્ષે અન્ય આવકોમાં ઘટાડાનો ટ્રેન્ડ જોવાયો છે, અને તેને કારણે બેન્કનો ઓપરેટીંગ નફો રૂ. ૩૯૭ કરોડથી ઘટીને રૂ. ૩૨૫ કરોડ થઈ ગયો છે. સામે પક્ષે બેન્કની નેટ વ્યાજ આવકો રૂ. ૫૮૭ કરોડથી વધીને રૂ. ૬૦૫ કરોડ થઈ છે, અને તેમાં ૩ ટકાનો ઉછાળો જોવાયો છે.

અન્ય આવકોમાં એક્સચેન્જ અને કમિશન આવકો તેમજ ઈન્વેસ્ટમેન્ટના વેચાણ ઉપરનો નફો ધ્યાનમાં લેવામાં આવે છે અને ફેડરલ બેન્કની અન્ય આવકો રૂ. ૨૨૦ કરોડથી ૧૭ ટકા ઘટી રૂ. ૧૮૩ કરોડ થઈ ગઈ છે.

બેન્કનો નેટ વ્યાજ માર્જીન ૧ વર્ષ અગાઉ ૩.૨૦ ટકા હતો તે હવે ઘટીને ૩.૦૪ ટકા થયો છે.

એકંદરે શેરમાર્કેટ ઠંડું હોવાને કારણે અન્ય તમામ બેન્કોની જેમ ફેડરલ બેન્કોની ડિપોઝીટો પણ સતત વધતી જાય છે, અને તે પાછળ બેન્કની ડિપોઝીટો ડિસેમ્બર ક્વાર્ટરમાં ૧૪ ટકા વધીને રૂ. ૭૪૭૯૨ કરોડ થઈ છે. પરંતુ સામે પક્ષે ધિરાણોમાં આર્થિક સ્લોડાઉનને કારણે નબળાઈ જોવાય છે, અને ફેડરલ બેન્કના ધિરાણો કેવળ ૧૦ ટકા વધી રૂ. ૫૩૫૫૮ કરોડ થયા છે.

બેન્કની ગ્રોસ એનપીએ ૨.૧૯ ટકાથી વધીને ૩.૧૫ ટકા થઈ ગઈ છે, અને એક પ્રાઈવેટ સેક્ટર બેન્ક માટે ગ્રોસ એનપીએનો આ રેશિયો ચોક્કસ ઊંચો છે.

સને ૨૦૧૪-૧૫માં ફેડર બેન્કે રૂ. ૭૪૧૯ કરોડની કુલ આવકો ઉપર રૂ. ૧૦૦૬ કરોડનો નેટ નફો અને રૂ. ૧૧.૭૫ની શેરદીઠ કમાણી હાંસલ કરી હતી. બેન્કનો નેટ નફાનો માર્જીન ગયા વર્ષે ૧૩.૫૬ ટકા હતો તે ચાલુ વર્ષના પ્રથમ ૩ ક્વાર્ટર દરમિયાન અનુક્રમે ૭.૩૯ ટકા, ૮.૪૮ ટકા અને ૮.૫૫ ટકા થઈ ગયો છે. એટલે કે નેટ નફાના માર્જીનમાં લગભગ ૫૦ ટકાનો તીવ્ર ઘટાડો છે.

પ્રથમ ૩ ક્વાર્ટર દરમિયાન શેરદીઠ કમાણીમાં પણ મોટો ઘટાડો જોવાયો છે. જૂન ક્વાર્ટરમાં રૂ. ૧.૬૫, સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૦.૯૪ અને ડિસેમ્બર ક્વાર્ટરમાં ૦.૯૫ની શેરદીઠ કમાણી હાંસલ થઈ છે, અને આ ટ્રેન્ડ ધ્યાનમાં રાખીએ તો વાર્ષિક ધોરણે રૂ. ૪.૫૦ની શેરદીઠ કમાણી મળે તે સંભાવના ઘણી મોટી છે, અને તેની સરખામણીમાં એક પ્રાદેશિક કદની ફેડરલ બેન્કના શેરનો ભાવ હજી પણ થોડો વધારે કહી શકાય.

સામાન્ય રીતે પ્રાઈવેટ સેક્ટર બેન્ક માટે ૧૮થી ૨૨નો પીઈ રેશિયો યોગ્ય ગણી શકાય. પરંતુ ફેડરલ બેન્ક મુખ્યત્વે દક્ષિણ ભારતમાં જ પોતાની હાજરી ધરાવે છે, અને તેથી જે વેલ્યુએશન એક્સિસ બેન્ક કે આઈસીઆઈસીઆઈ બેન્કને આપવામાં આવે તે વેલ્યુએશન ફેડરલ બેન્કને મળવાના ચાન્સ નથી.

**POLYMECHPLAST MACHINES LIMITED**
Regd. Office : "GOLD COIN HOUSE", 775, G.I.D.C., Makarpura, Vadodara - 390 010.
CIN NO. L27310GJ1987PLC009517
Phone No. 91-265-2632210
E-mail : pmldjs@polymechplast.com Website : www.polymechplast.com

**NOTICE**

NOTICE is hereby given that the Pursuant to regulation 29 read with Regulations 47 of SEBI (Listing obligations and Disclosures Requirements) Regulations, 2015, a meeting of the Board of Directors of the Company is will be held on Wednesday, February 10, 2016, inter-alia, to consider and approve the Unaudited Financial Results of the Company for the quarter and nine months ended December 31, 2015.

The said information is also available on the Company's website at www.polymechplast.com and may also be available on the Stock Exchange at www.bseindia.com.

For, Polymechplast Machines Limited
Sd/-
(Jayati Bhaduri)
Compliance Officer

Place : Vadodara
Date : 23.01.2016

**DYNAMIC INDUSTRIES LIMITED**
Regd. Office : Plot No. 5501/2, Phase - III, Nr. Trikampura Cross Roads, G.I.D.C., Vatva, Ahmedabad – 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
CIN : L24110GJ1989PLC011989
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

**સૂચના**

સેબી (લીસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસક્લોઝર રિક્વાઈમેન્ટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના નિયમ ૪૭ મુજબ, આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાઈરેકટર્સની મિટિંગ ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬, મંગળવારના રોજ સાંજે ૫:૩૦કલાકે કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ પર યોજાશે. જેનો હેતુ ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક સમયગાળાના અનઓડિટેડ એક નાણાકીય પરિણામો ધ્યાનમાં લેવાનો, મંજૂર કરવાનો છે. વધુ વિગતો કંપની ની વેબસાઈટ http://dynaind.com/investors_zone.html અને બીએસઈની વેબસાઈટ http://www.bseindia.com/stock-share-price/dynamic-industries-ltd/dynamind/524818/ પર મળશે.

બોર્ડ ઓફ ડિરેકટર્સના હુકમથી
સહી/-
ચિંતન નરેશકુમાર અમલાણી
કંપની સેકેટરી

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૮મી જાન્યુઆરી, ૨૦૧૬

## સોનામાં હજી ટ્રેન્ડ તેજીના




ગયા અઠવાડિયા દરમિયાન શેરબજારોમાં તીવ્ર કરેક્શન અને ખાસ કરીને ચીનનું અર્થતંત્ર મંદીમાં ફસાયું છે તેવા ભયને કારણે સોનામાં ખૂબજ મોટા પાયે સેફ હેવન બાયિંગ શરૂ થયું હતું. ચાણક્યના થોડાં અઠવાડિયાના પહેલાંના ગોલ્ડ અને સિલ્વર રિપોર્ટ જોશો તો તેમાં બોટમઆઉટ થવાની તૈયારીનો સ્પષ્ટ સંકેત હેડીંગરૂપે આપેલો.

આગામી દિવસોમાં સેફહેવન બાયિંગને કારણે સોનામાં હજી અપટ્રેન્ડ જળવાઈ રહેવાની ગણતરી છે. ૨૦ દિવસની સાદી મૂવિંગ એવરેજને ક્રોસ ઓવર આપીને ૫ દિવસની સાદી મૂવિંગ એવરેજે પોઝિટિવ બ્રેકઆઉટ આપ્યું છે. મૂવિંગ એવરેજ ઈન્ડિકેટર પણ પોઝિટીવ ટ્રેન્ડનો સંકેત આપે છે. સિગ્નલ લાઈન ૯૩.૪૫ની સામે એમએસીડી ઈન્ડિકેટર ૧૬૭ના લેવલ ઉપર છે, જ્યારે સ્ટોકેસ્ટિક્સ ઈન્ડિકેટર અને સ્ટોકેસ્ટિક્સ આરએસઆઈ પણ આગામી દિવસોમાં સોનામાં સુંદર ઉછાળાની સંભાવના દર્શાવે છે. આરએસઆઈ ૬૦.૭૫ ઉપર છે અને તે પણ સોનામાં તેજી હજી લાંબી ચાલશે તેનો સંકેત આપે છે.

રૂ. ૨૫૯૮૭ના સ્ટોપલોસથી તેજીની પોઝિશન જાળવી શકાય, અને ઉપરમાં રૂ. ૨૬૧૨૧ અને તે પસાર થતાં રૂ. ૨૬૧૭૭ સુધી ભાવ જવાની ગણતરી છે, અને જો તે લેવલ પણ પસાર થઈ જાય તો રૂ. ૨૬૩૧૧ જોવાય.

આરએસઆઈ ૫૪.૧૩ ઉપર છે, જ્યારે એમએસીડી ઈન્ડિકેટર પણ સોનામાં બાઉન્સ બેકનો સંકેત આપે છે. સ્ટોકેસ્ટિક્સ ઈન્ડિકેટર અને સ્ટોકેસ્ટિક્સ આરએસઆઈ પણ એકદમ શોર્ટટર્મ માટે સોનામાં ઉછાળાની જગ્યા દર્શાવે છે.

રૂ. ૨૫૧૧૩ના સ્ટોપલોસથી એકદમ શોર્ટટર્મ ખેલાડી સોનામાં તેજીની પોઝિશન લઈ શકે, અને ઉપરમાં રૂ. ૨૫૬૦૦ના ભાવની ગણતરી છે, અને તે લેવલ પસાર થઈ જાય તો રૂ. ૨૫૮૦૪નો ભાવ આવવાની ગણતરી છે.

### ચાંદીમાં પણ શોર્ટટર્મ ટ્રેન્ડ તેજીનો




ચાંદીમાં રૂ. ૩૩૯૦૯ના સ્ટોપલોસથી તેજીની પોઝિશન જાળવી રખાય અને એમસીએક્સ ૧ મહિના ફ્યુચરમાં ઉપરમાં રૂ. ૩૪૨૧૬નો ભાવ આવવાની ગણતરી છે, અને તે પસાર થતાં રૂ. ૩૪૩૩૬ અને તે પણ પસાર થઈ જાય તો રૂ. ૩૪૬૪૩ના ભાવની ગણતરી છે.

શાંત ચિત્ત માટે મગજને સતેજ રાખે તેમજ ચિંતા, અકળામણ, ગુસ્સો દૂર કરે તે માટે વૈજ્ઞાનિક ઢબે તૈયાર થતું ક્રોસવર્ડ મેગેઝીન

મગજમારી ભેજામારી

નિવૃત્ત લોકો, ગૃહિણીઓ, બાળકો, ચાલીસીમાં પ્રવેશી ચૂકેલાઓ માટે બેસ્ટ

દર બુધવારે, કોપી બુક કરવો

## ડાબર : આ ભાવે આકર્ષક

દેશની ટોચની એફએમસીજી કંપની ડાબર ઈન્ડિયાનો શેર ઓગસ્ટ-૨૦૧૫માં રૂ. ૩૧૬ ઉપર હતો, અને તે પછી અત્યારે ઘટીને તેના બાવન અઠવાડિયાના બોટમ રૂ. ૨૩૫-૨૫૩ વચ્ચે ચાલી રહ્યો છે. દેશમાં દુકાળની અસર અને ઔદ્યોગિક સ્લોડાઉનને કારણે તમામ એફએમસીજી કંપનીઓના વેચાણોને અસર પડી રહી છે, અને સાથે સાથે બાબા રામદેવની પતંજલિને કારણે પણ ડાબરને અસર પડે તે સ્વાભાવિક છે. તેમ છતાં કંપની ભારતના રૂ. ૧૦૦૦૦ કરોડના હર્બલ અને કુદરતી પ્રોડક્ટોના માર્કેટમાં ટોચનું સ્થાન ધરાવે છે. હર્બલ અને કુદરતી પ્રોડક્ટોનું માર્કેટ વાર્ષિક ૧૫થી ૨૦ ટકાના દરે વિકસી રહ્યું છે અને તેમાં આ કંપની ચ્યવનપ્રાસ, હેર ઓઈલ, હજમોલા, સ્કીનબ્લીચ, પીણાંઓ અને એર ફ્રેશનર જેવી વૈવિધ્યપૂર્ણ પ્રોડક્ટો સાથે ખૂબજ મજબૂત પોઝિશન ધરાવે છે.





પતંજલિની હરિફાઈને ટક્કર આપવા કંપનીએ તેના ડિસ્ટ્રીબ્યુશન નેટવર્કમાં જંગી રોકાણ શરૂ કર્યું છે. આ ઉપરાંત વેચાણને ઝડપથી વધારવા માટે કેટલીક નવી પ્રોડક્ટો પણ લોન્ચ કરી છે, અને તેથી અમારો અંદાજ છે કે કંપનીના વેચાણો ૧૩ ટકાના દરે વધતા રહેશે. જ્યારે નેટ નફો સને ૨૦૧૫થી ૨૦૧૮ દરમિયાન ૧૮.૫૦ ટકાનો વૃદ્ધિ દર હાંસલ કરશે.

ડાબરનો શેર અત્યારે તેની ડિસેમ્બર-૨૦૧૭ ક્વાર્ટરની અંદાજિત રૂ. ૯.૬૦ની શેરદીઠ કમાણી સામે ૨૮ના પીઈ રેશિયો ઉપર છે. પરંતુ અમે આ શેર માટે ૩૩નો પીઈ રેશિયો યોગ્ય માનીએ છીએ, અને તે પાછળ આ શેરમાં ખરીદીની ભલામણ છે, અને ઉપરમાં રૂ. ૩૧૮નું લક્ષ્યાંક છે.

કંપની ગ્રામ્ય ભારતમાં પોતાનું નેટવર્ક મજબૂત કરવા માટે અને કેમિસ્ટોના કવરેજ માટે મોટું રોકાણ કરી રહી છે. આ ઉપરાંત મહત્ત્વના અર્બન સેન્ટરો ઉપર પણ કંપનીએ ફોકસ વધાર્યું છે. કેવળ ઓટીસી ઉપર ફોકસ રાખવાને બદલે ડોક્ટર વર્ગને તેની પ્રોડક્ટો અંગે જાણકારી આપવા માટે કંપનીએ ૨૭૫ મેડીકલ રિપ્રેઝેન્ટેટીવ્સની રચના કરી છે.

અત્યારના નીચા ભાવે થોડું રોકાણ કરાય.

## ડીસીબી બેન્કનો નફો ઘટ્યો




પ્રાઈવેટ સેક્ટરની ડેવલપમેન્ટ ક્રેડીટ બેન્કનો ડિસેમ્બર ક્વાર્ટરનો નફો રૂ. ૪૨.૫૦ કરોડથી ઘટીને રૂ. ૪૧.૨૦ કરોડ થઈ ગયો છે. ગયા વર્ષની સરખામણીમાં કરવેરાની જોગવાઈ વધારે કરવામાં આવી હોવાથી બેન્કનો ડિસેમ્બર ક્વાર્ટરનો નફો ઘટ્યો છે. અગાઉના વર્ષમાં કંપનીએ જૂના નુકસાનનું સેટ ઓફ લીધું હોવાથી કરવેરાનો બોજો ઓછો હતો, પરંતુ આ વર્ષે કંપનીએ ૩૪.૫૦ ટકાના પૂરેપૂરા દરે આવકવેરાની ચૂકવણી કરી છે.

કંપનીની નેટ વ્યાજ આવકો રૂ. ૧૨૨ કરોડથી વધીને રૂ. ૧૬૧ કરોડ થઈ છે. જ્યારે તેની અન્ય આવકો રૂ. ૪૭.૯૯ કરોડની સામે રૂ. ૪૭.૨૦ કરોડ થઈ છે. બેન્કના ધિરાણો રૂ. ૯૪૯૧ કરોડથી વધીને રૂ. ૧૧૭૩૬ કરોડ થયા છે, જે ૨૪ ટકાનો ઉછાળો દર્શાવે છે, અને મુખ્યત્વે રિટેલ તેમજ સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈસ બિઝનેસમાં ધિરાણ વૃદ્ધિદર હાંસલ થયો છે.

ડિસેમ્બર ક્વાર્ટર દરમિયાન ડિપોઝીટો રૂ. ૧૧૮૫૦ કરોડથી ૧૯ ટકા વધી રૂ. ૧૪૦૮૪ કરોડ થઈ છે, જ્યારે નેટ વ્યાજ માર્જીન ૩.૭૦ ટકાથી વધીને ૩.૯૬ ટકા બેસે છે.

બેન્કની ગ્રોસ એનપીએ ૧.૮૭ ટકાથી વધીને ૧.૯૮ ટકા થઈ ગઈ છે, જ્યારે નેટ એનપીએ ૧ ટકાથી વધીને ૧.૧૨ ટકા થઈ છે.

ડીસીબીનો શેર અત્યારે ૧.૧૮ ટકા ઘટીને રૂ. ૭૫ આસપાસ આવી ગયો છે.

બેન્કના સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામ પછી એક એનાલિસ્ટ દ્વારા આ બેન્કની નબળી કામગીરી અંગે રિપોર્ટ આપવામાં આવ્યો હતો, અને તે પછી શેરનો ભાવ રૂ. ૧૫૧ના ટોપ ઉપરથી ઘટીને અત્યારે રૂ. ૭૪ ઉપર આવી ગયો છે.

ડીસીબી બેન્કમાં પ્રમોટરો પાસે ૧૬.૩૦ ટકા શેરો છે, જ્યારે નેગેટિવ રિપોર્ટ છતાં પણ વિદેશી સંસ્થાઓએ પોતાનું હોલ્ડિંગ ૧૪.૭૯ ટકાથી વધારીને ૧૮.૬૯ ટકા કર્યું છે, જ્યારે રિટેલ ઈન્વેસ્ટર પાસે ૪૨.૫૯ ટકા શેરો છે. ગયા વર્ષે બેન્ક દ્વારા ૧૨ મહિનામાં રૂ. ૭.૨૧ની શેરદીઠ કમાણી હાંસલ થઈ હતી, જ્યારે ચાલુ વર્ષનો ટ્રેન્ડ ધ્યાનમાં રાખીએ તો રૂ. ૫.૮૦ની શેરદીઠ કમાણી હાંસલ થાય તે સંભાવના મજબૂત છે, અને તેથી હજી થોડો સમય શેર ઉપરનું દબાણ ચાલુ રહેવાની સંભાવના છે.

## ટોરન્ટ ફાર્માએ બાયો સીમીલર દવા લોન્ચ કરી

ઝાયડસ કેડિલા પછી અમદાવાદ સ્થિત ટોરન્ટ ફાર્મા બીજી કંપની છે કે જેણે અડાલીમુબાબ દવાની બાયો સીમીલર લોન્ચ કરી હોય. આ દવા ઓટો ઈમ્યુઅન ડીસઓર્ડરની ટ્રીટમેન્ટ માટે વપરાય છે, અને વિશ્વભરમાં ઓટો ઈમ્યુન દવાઓમાં અડાલીમુબાબ સૌથી વધારે પોપ્યુલર દવા છે, અને આ દવા શોધ કરનાર કંપની હુમારી દ્વારા વર્ષે રૂ. ૧ લાખ કરોડનું વેચાણ મેળવવામાં આવે છે. સીમીલર દવા અડફાર લોન્ચ કરવામાં આવી છે. પરંતુ આ બાયો સીમીલરમાંથી કેટલા વેચાણો મળશે તે અંગે મેનેજમેન્ટે કોઈ જ સંકેત નથી આપ્યો.

માંગને ધ્યાનમાં રાખીને ટોરન્ટ ફાર્માએ આ દવા લોન્ચ કરી છે. કંપની દ્વારા છેલ્લાં થોડાં વર્ષોમાં સુપર સ્પેશ્યાલિટી ડિવીઝન શરૂ કરવામાં આવ્યું છે, અને આ ડિવીઝન દ્વારા હેપાટોલોજી, ઓન્કોલોજી, નેફ્રોલોજી અને યુરોલોજી તેમજ ઓપ્થેલમોલોજી માટે ખાસ પ્રકારની દવાઓ વિકસાવવામાં આવે છે.

આગામી સમયગાળામાં ટોરન્ટ ફાર્માના શેરમાં હજી ઉછાળાની ગણતરી છે.

## બીપીસીએલ : વધે સ્ટોપલોસ રૂ. ૮૫૮ લક્ષ્યાંક રૂ. ૯૨૭

બીપીસીએલનો ચાર્ટ શોર્ટટર્મ, મધ્યમગાળે અને લાંબાગાળે બુલીશ પેટર્ન દર્શાવે છે. આરએસઆઈ ૪૮.૭૧ના લેવલ ઉપર છે, જ્યારે સિગ્નલ લાઈન ૦.૧૯ને કારણે એમએસીડી ઈન્ડિકેટર ૧.૬૪નું લેવલ દર્શાવે છે. સ્ટોકેસ્ટિક્સ ઈન્ડિકેટર ઉછાળાનો સંકેત આપે છે, જ્યારે એકદમ શોર્ટટર્મ ટ્રેન્ડ દર્શાવતા સ્ટોકેસ્ટિકસ આરએસઆઈમાં થોડાંક ઘટાડાનો સંકેત છે.

બીપીસીએલમાં રૂ. ૮૫૮ના સ્ટોપલોસથી તેજીની પોઝિશન લેવાય અને તેમાં ઉપરમાં રૂ. ૯૨૭ના ભાવની ગણતરી છે, અને તે પસાર થતાં રૂ. ૯૫૮નો ભાવ આવવાની ગણતરી છે.

